Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સિન્ડિકેટની તાકીદની સભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા.૨૫–૦૬–૨૦૧૮**

સિન્ડિકેટની તાકીદની સભા સોમવાર, તા.૨૫–૦૬–૨૦૧૮ના રોજ બપોરે ૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડ રૂમ નં. ૨૦૫માં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| **ક્રમ** | **સભ્યોના નામ** | **તા.૨૫–૦૬–૨૦૧૮** |
|---|---|---|
| ૧. | ડૉ.શિવેન્દ્ર ગુપ્તા (માનનીય કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ડૉ.ભાસ્કર મહેન્દ્ર પ્રસાદ રાવલ (માનનીય ઉપકુલપતિશ્રી) | હાજર |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ.<br>એચ. એન. ચાવડા | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ.ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૭. | આ.ડૉ.વિપિનકુમાર દયાળજી નાયક | હાજર |
| ૮. | ડૉ.ઘનશ્યામભાઈ દિનેશચંદ્ર રાવલ | હાજર |
| ૯. | ડૉ.રાકેશ એન. દેસાઈ | હાજર |
| ૧૦. | ડૉ.ધનેશ ગોપાલદાસ વૈદ્ય | હાજર |
| ૧૧. | શ્રી સંજયકુમાર ઈશ્વરલાલ દેસાઈ | ગેરહાજર |
| ૧૨. | **VACANT** | ---- |
| ૧૩. | શ્રી કિરિટકુમાર અમૃતલાલ પટેલ | હાજર |
| ૧૪. | શ્રી ભાવેશકુમાર ગોવિંદભાઈ રબારી | હાજર |
| ૧૫. | ડૉ.અપૂર્વ અરૂણકુમાર દેસાઈ | ગેરહાજર |
| ૧૬. | આ.ડૉ.વિનોદકુમાર નારણભાઈ પટેલ | હાજર |
| ૧૭. | ડૉ.સંજયકુમાર (સત્યાર્થી) | હાજર |
| ૧૮. | શ્રી વિનોદકુમાર રણછોડભાઈ ગજેરા | હાજર |
| ૧૯. | શ્રી સંજય બલ્લુભાઈ લાપસીવાલા | ગેરહાજર |
| ૨૦. | ડૉ.કેતન ચંદ્રકાન્તભાઈ દેસાઈ | હાજર |

૧. યુનિવર્સિટી નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના શૈક્ષણિક કર્મચારીઓ (૧) ડૉ. એ. એન. માલવીયા (૨) ડૉ. રોમન કે. ભાટીયા તથા (૩) શ્રી દેવેન્દ્રનાથ કે. પટેલના તા.૧૩/૧૧/૨૦૧૭નો સંયુકત પત્ર અવલોકનમાં લેવા વિનંતી છે.

પત્રમાં જણાવ્યાનુસાર, છઠ્ઠા પગારપંચ અન્વયે સિન્ડિકેટની તા.૭/૧૦/૨૦૧૬ની બાબત ક્રમાંક : ૮ અન્વયે ઠરાવવામાં આવેલ " સદર કર્મચારીઓની છઠ્ઠા પગારપંચ મુજબ પગાર બાંધણી (પે ફિક્ષેશન) કરવી અને રાજય સરકારશ્રીને તેની મંજૂરી અર્થે રજૂ કરવું. રાજય સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ આગળની ધટતી કાર્યવાહી કરવી. " એમ ઠરાવેલ છે.

યુનિવર્સિટીના નિરંતર શિક્ષણ વિભાગના શૈક્ષણિક કર્મચારીઓ (૧) શ્રી દેવેન્દ્ર પટેલ (૨) ડૉ. રોમન ભાટીયા, અને (૩) ડૉ.એ.એન. માલવીયાએ નામદાર ટ્રિબ્યુનલમાં અરજી નં.૫/૯૭, ૭/૯૭ અને ૮/૯૭ દાખલ કરી મનાઈ/સ્ટે મેળવી, નામદાર ટ્રિબ્યુનલના આદેશનુસાર સદરહુ વિભાગના કર્મચારીઓને ટ્રીબ્યુનલ એકટ ૧૯૮૩ હેઠળ છૂટા ન કરી પગાર તથા અન્ય ભથ્થા ચુકવવા અંગેનો હુકમ કરવામાં આવેલ હતો.

વધુમાં નામદાર હાઈકોર્ટની સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નંબર–૫૯૩૮ વર્ષ ૨૦૦૩ અન્વયે પાંચમા પગારપંચ પ્રમાણના પગારધોરણની ચુકવણી કરવામાં આવે છે. સદર કર્મચારીઓ તરફથી  છઠ્ઠા પગારપંચ મુજબના પગારધોરણ મેળવવા માટે નામદાર ટ્રીબ્યુનલમાં અપ્લીકેશન નંબર–૩૦ વર્ષ ૨૦૧૦ તેમજ એપ્લીકેશન નંબર–૧ વર્ષ ૨૦૧૧ દાખલ કરેલ, પ્રસ્તુત સંદર્ભમાં નામદાર ટ્રિબ્યુનલ ધ્વારા તા.૦૬–૧૨–૧૩ના રોજ છઠ્ઠા પગારધોરણની ચુકવણી કરવા ઓર્ડર/હુકમ કરવામાં આવેલ હતો.

સદર બાબતે યુનિવર્સિટી તરફથી શિક્ષણ વિભાગ, ગાંધીનગરને સદર કર્મચારીઓની આર્થિક જવાબદારી સ્વીકારવા દરખાસ્ત મોકલવામાં આવી હતી.

જે સબબ શિક્ષણ વિભાગ, ગાંધીનગરના  તા.૨૯-૧૨-૨૦૧૪ના પત્ર દગય–૧૨૧૪/૧૦૨/ખ થી કરેલ હુકમ મુજબ તેઓની નાણાકીય જવાબદારી સ્વીકારી યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી ચૂકવવા મંજૂરી આપવામાં આવી હતી.

સરદ મંજુરી અંતર્ગત યુનિવર્સિટીની સિન્ડિકેટની તા.૧૯/૦૫/૨૦૧૫ની સભાના ઠરાવ નં.૯ થી સરકારશ્રીને પુનઃદરખાસ્ત કરવી તથા કાનુની અભિપ્રાય મેળવવા ઠરાવેલ હતું.

- જે અંતર્ગત યુનિવર્સિટી તરફથી પુનઃ સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવી હતી.સરકારશ્રીના શિક્ષણ વિભાગના ના તા.૨૯-૭-૨૦૧૫ના પત્ર ક્રમાંકઃ દગય/૧૨૧૫/૧૬/ખ-૨થી કરેલ હૂકમ મુજબ નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના શૈક્ષણિક કર્મચારીઓની નાણાકીય જવાબદારી યુનિવર્સિટીએ સ્વીકારી યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી ચુકવવા મંજૂરી આપેલ છે. ઉકત શૈક્ષણિક કર્મચારીઓની આર્થિક જવાબદારી રાજય સરકારશ્રી સ્વીકારી શકે તેમ નથી તેમ જણાવવામાં આવેલ હતું.

- યુનિવર્સિટીની સિન્ડિકેટની તા.૦૯/૧૨/૧૫ની સભાના ઠરાવ નં.૨૫ ને ધ્યાને લઈ યુનિવર્સિટીના એડવોકેટશ્રીનાં અભિપ્રાય મુજબની આગળની કાર્યવાહી કરવા ઠરાવેલ, યુનિવર્સિટીના એડવોકેટશ્રીનો અભિપ્રાય પ્રમાણે સદર કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ પ્રમાણે પગારની ચુકવણી કરવી અથવા નામદાર ટ્રીબ્યુનલ ના આદેશ પ્રમાણે સરકારશ્રી સામે નાણાકીય જવાબદારી માટે હાઈકોર્ટમાં અપીલ કરવી.
- યુનિવર્સિટીની સિન્ડિકેટની તા.૧૩/૦૫/૧૬ની સભાના ઠરાવ નં.૧૦૦ ને ધ્યાને લઈ સદર કર્મચારીઓને સાંભળવા સમિતિની રચના કરવામાં આવી.
- યુનિવર્સિટીની સિન્ડિકેટ ની તા.૦૭/૧૦/૧૬ની સભામાં તા.૧૩/૦૫/૧૬ ની સમિતિના અહેવાલ રજુ કરતા ઠરાવ નં.૮ ને ધ્યાને લઈ સદર કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ મુજબ પગાર બાંધણી (પે ફીક્ષેશન) કરવી અને રાજ્ય સરકારશ્રીને તેની મંજૂરી અર્થે રજુ કરવું. રાજ્ય સરકારશ્રીની મંજુરી મળ્યા બાદ આગળની કાર્યવાહી કરવી.
- સદર કર્મચારીઓ તરફથી તા.૧૭/૧૦/૨૦૧૬ના પત્રથી નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નંબર–૫૯૩૮ વર્ષ ૨૦૦૩, તા.૨૮/૦૯/૨૦૧૬ના ચુકાદાની સર્ટીફાઈડ નકલ મોકલવામાં આવી હતી તેમજ છઠ્ઠા પગારધોરણ પ્રમાણે ના પગારની ચુકવણી કરવા રજુઆત કરવામાં આવી હતી.
- યુનિવર્સિટીની સિન્ડિકેટની તા.૧૦/૧૧/૧૬ની સભાના ઠરાવ નં.૧૧ ને ધ્યાને લઈ સદર કર્મચારીઓને નામદાર હાઈકોર્ટના સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નંબર:૫૦૩૮ વર્ષ ૨૦૦૩ તા.૨૮/૦૯/૧૬ના ચુકાદાને અનુલક્ષીને આગળની કાર્યવાહી કરવી તથા સરકારશ્રીને વખોતવખત જાણ કરવી.
- વધુમાં સદર કર્મચારીઓ અંગે નાયબ સચિવશ્રી,શિક્ષણ વિભાગ સચીવાલાય ગાંધીનગર,તરફથી કમિશ્નરશ્રી,ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગર ને ઉદ્દેશીને યુનિવર્સિટી કાર્યાલયને રવાના કરવામાં આવેલ તા.૨૧/૧૦/૨૦૧૬ના તથા નાયબ નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગરના તા.૧૬/૧૧/૨૦૧૬ના પત્રો પર તેમજ સદર કર્મચારીઓ તરફથી નામદાર હાઈકોર્ટમાં એપ્લીકેશન નં.૫૯૩૮,૨૦૦૩ ના હુકમ સામે તા.૦૯/૧૧/૨૦૧૬ થી કેવીયેટ દાખલ કરવામાં આવેલ જે અંગે ડૉ. અપૂર્વ એ. દેસાઈ, સિન્ડિકેટ સભ્યશ્રી તથા ડૉ. રાકેશ એન. દેસાઈની સમિતિ ધ્વારા અહેવાલ રજૂ કરવામાં આવેલ છે. જે સિન્ડિકેટના ઠરાવ ક્રમાંક : ૮ તા.૦૬/૧૨/૨૦૧૬ થી મંજૂર કરવામાં આવેલ છે.
- ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા.૨૧/૧૦/૨૦૧૬ના પત્રથી યુનિવર્સિટીના નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના શૈક્ષણિક કર્મચારીઓની આર્થિક જવાબદારી યુનિવર્સિટી ધ્વારા સ્વીકારવા અંગે પત્રમાં જણાવ્યા મુજબ ત્રણ કર્મચારીઓ ધ્વારા નામદાર હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ SCA NO.5938/2003 અન્વયે પ્રસ્તુત કોર્ટ કેસમાં નામદાર હાઈકોર્ટમાં LPA દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વધુમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના પત્રાંક : CHE/ISC-7/સુપ્રિમ કોર્ટ/ ૨૦૧૬/ ૪૧૨૯૭, તા.૧૬/૧૧/૨૦૧૬ના પત્રમાં શિક્ષણ વિભાગનાં હુકમ બાદ રાજ્ય સરકાર ધ્વારા આપની યુનિવર્સિટીને આપવામાં આવતી ગ્રાન્ટમાંથી યુનિવર્સિટી ધ્વારા ખર્ચ કરવામાં આવતો હોય તો સંબંધિતોની જવાબદારી નકકી કરવાની જણાવેલ છે.
- તા.૨૧/૧૦/૨૦૧૬ના પત્ર અન્વયે યુનિવર્સિટીના કાર્યાલયના પત્રાંકઃજન/એસ્ટા/એનવીટી/ ૧૯૯૭૬/ ૨૦૧૬, તા.૨૪/૧૧/૨૦૧૬ થી નિરંતર શિક્ષણ અને વિસ્તરણ કાર્ય વિભાગના શૈક્ષણિક કર્મચારીઓની આર્થિક જવાબદારી સ્વીકારવા બાબતે પ્રત્યુત્તર આપવામાં આવેલ છે. જે અન્વયે સદર કર્મચારીઓના આર્થિક જવાબદારી સ્વીકારવા વિચારણા કરવા બાબત…

(વહીવટી)

૨. વી.ન.દ ગુ. યુનિ.ના લીગલ સેલ /૨૦૦૫ તા.૩૧–૦૧–૨૦૧૮ નો પત્ર અવલોકનમાં લેતા નિરંતર શિક્ષણ વિભાગના નોનવેકેશનલ ટીચીંગ સ્ટાફ તરીકે ફરજ બજાવતા (૧) શ્રી ડી. કે. પટેલ (૨) ડૉ.એ. એન. માલવીયા અને (૩) ડૉ.રોમાન ભાટીયા દ્વારા સદર વિભાગની ગ્રાન્ટ યુ.જી.સી. અને રાજય સરકાર દ્વારા બંધ થતા તેઓએ નામદાર હાઈકોર્ટમાં સ્પે.સિવિલ એપ્લીકેશન નં ૫૯૩૮/૨૦૦૩ દાખલ કરી હતી. સદર બાબતે નામદાર હાઈકોર્ટે તેના તા.૨૮–૦૯–૧૬ના રોજ ઓર્ડર/હુકમ અરજદારની તરફેણમાં કરેલ હોય, સદર બાબતે ઉચ્ચ શિક્ષણ વિભાગ તરફથી નામદાર હાઈકોર્ટમાં લેટર્સ પેટન્ટ અપીલ **(LPA)** ૧૦૨૩/૨૦૧૭ દાખલ કરી હતી. સદર LPA નામદાર સરકાર તરફથી પાછી ખેંચી લેવા અંગે નામદાર કોર્ટમાં પુરશીશ રજૂ કરતાં નામદાર હાઈકોર્ટે તા.૨૩–૦૧–૨૦૧૮ ના ઓર્ડર/ હુકમથી કાઢી નાંખી છે. તેની નકલ અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

૩. યુનિવર્સિટીના નિરંતર શિક્ષણ અને વિસ્તરણના કાર્ય વિભાગમાં ફરજો બજાવતા ડૉ.રોમન ભાટીયા, ડૉ.એ.એન. માલવીયા અને શ્રી દેવેન્દ્ર પટેલ દ્વારા નામદાર હાઈકોર્ટમાં એસ.સી.એ. નં. ૫૯૩૮/૨૦૦૩ થી પીટીશન કરવામાં આવેલ હતી. જે સંદર્ભમાં ગુજરાત સરકારશ્રીના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના નાયબ નિયામકશ્રીના પત્રાંકઃ CHE/ ISC7/ હાઈકોર્ટ/ ૨૦૧૮/ ૩૯૩૦, તા.૩/૦૨/૨૦૧૮ના પત્રથી એસ. સી. એ. નં.૫૯૩૮/૨૦૦૩ના નામદાર હાઈકોર્ટના તા.૨૮/૦૯/૨૦૧૬ના ચુકાદા અન્વયે ચુકવવાપાત્ર લાભો ચૂકવવા બાબતે તા.૨૩/૦૧/૨૦૧૮ના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનો હુકમ ક્રમાંકઃદગય/૧૨૧૪/ ૧૦૨/ખ, અંગે વિચારણા કરવા બાબત.

(વહીવટી)

:: **બાબત ક્રમાંક : ૧, ૨ અને ૩ની સંયુકત વિચારણા કરી આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, હુકમ ક્રમાંક : દગય/ ૧૨૧૪/૧૦૨/ખ,સચિવાલય, ગાંધીનગર, તા.૨૩.૦૧.૨૦૧૮ તથા** CHE/ ISC7/ **હાઈકોર્ટ/ ૨૦૧૮/ ૩૯૩૦, ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી, ૧૨/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુ.રા.ગાંધીનગર, તા.૦૩/૦૨/૨૦૧૮ અન્વયે પ્રવર્તમાન પગાર ધોરણ અનુસારના લાભો સદર ત્રણેય કર્મચારીઓને આપવા. તે માટે છઠઠા પગારધોરણો અનુસારના પગારધોરણોમાં તેમના પગાર નિર્ધારીત કરી સરકારશ્રીની મંજૂરી લઈ આગળની કાર્યવાહી કરવી.**

**તે દરમ્યાન હાલમાં નિવૃત્ત થયેલ (૧) શ્રી એ.એન.માલવીયા અને (૨) ડૉ. રોમન ભાટીયાના કિસ્સામાં કામચલાઉ પેન્શન નિર્ધારીત કરી તેની મંજૂરી માટેની આગળની કાર્યવાહી કરવી.**

૪. **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **આર્ટસ, સાયન્સ એન્ડ કોર્મસ કોલેજ, ખોલવડ**ના આસીસ્ટન્ટ પ્રોફેસર **ર્ડા.પટેલ વિજયકુમાર પરસોત્તમભાઈ**ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧. ર્ડા. તેજશ જોશી, આસીસ્ટન્ટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, એમ.કે.ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર અને ૨. ર્ડા. અરૂણ સિંગ, એસોસિયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, ગર્વમેન્ટ એમ.એલ.બી. પીજી કોલેજ, ભોપાલ) ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર તજજ્ઞોના અહેવાલ હકારાત્મક હોય, જે BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી તજજ્ઞોના અહેવાલો હકારાત્મક હોય, તે અહેવાલ સ્વીકારવાની સત્તા માન.કુલપતિશ્રીને આપેલ હોય જે અન્વયે માન.કુલપતિશ્રી ધ્વારા અહેવાલ સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય જે ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૦૪–૨૦૧૮ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૧૩૨) અન્વયે ર્ડા.પટેલ વિજયકુમાર પરસોત્તમભાઈને સાયન્સ ફેકલ્ટીના કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાના તજજ્ઞોનો અહેવાલ સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૬–૦૪–૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૩૨</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા આર્ટસ, સાયન્સ એન્ડ કોર્મસ કોલેજ, ખોલવડ ના આસીસ્ટન્ટ પ્રોફેસર ર્ડા. **પટેલ વિજયકુમાર પરસોત્તમભાઈ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧. ર્ડા. તેજશ જોશી, આસીસ્ટન્ટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, એમ.કે.ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર અને ૨. ર્ડા. અરૂણ સિંગ, એસોસિયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, ગર્વમેન્ટ એમ.એલ.બી. પીજી કોલેજ, ભોપાલ) ના હકારાત્મક અહેવાલ/રીપોર્ટ મળેલ છે. BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માન.કુલપતિશ્રીએ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે સ્વીકારી વ્યાખ્યાતા ર્ડા. **પટેલ વિજયકુમાર પરસોત્તમભાઈ** ને **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૬–૪–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૩૨ ની ઉપરોકત ભલામણનો સ્વીકાર કરી વ્યાખ્યાતા ર્ડા. પટેલ વિજયકુમાર પરસોત્તમભાઈને સાયન્સ ફેકલ્ટીનાં કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી.**

૫. **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **જે.એન.એમ.પટેલ સાયન્સ કોલેજ, વેસુ, સુરત** ના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. **વિજયકુમાર ઈશ્વરલાલ પટેલ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. શૈલેષ ઝાલા, મા.કુલપતિશ્રી, એમ.કે.ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર અને ૨. ડૉ. અરૂણ સિંગ, એસોસિયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, ગર્વમેન્ટ એમ.એલ.બી. પીજી કોલેજ, ભોપાલ) ના અહેવાલમાં In the light of above facts its clear that Dr. Patel does not have adequate service length as mentioned in the Ordinance attached along with the application form although he is having enough research papers published in the journal of international repute and referred. **Its recommended that first he should complete the required service length 5 years as Post Graduate Teacher before recognized as research supervisor** ની ભલામણ કરેલ છે જે ભલામણ ઓર્ડિનન્સ ૧૦૮ સાથે વાંચનમાં લેતા યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત આસીસ્ટન્ટ પ્રોફેસરના ૨ રીસર્ચ પેપર પબ્લીકેશન હોય તેમજ અનુસ્નાતક કાર્યભાર બાબતે જોગવાઈ કરેલ ન હોય તે ધ્યાને લેતા પબ્લીકેશન મુલ્યાંકનના અહેવાલને આધારે પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપી શકાય જે મુજબ પબ્લીકેશન મુલ્યાંકનના અહેવાલ હકારાત્મક હોય, એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩–૦૫–૨૦૧૮ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૮૬) અન્વયે ડૉ. વિજયકુમાર ઈશ્વરલાલ પટેલને સાયન્સ ફેકલ્ટીના કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાના તજજ્ઞોનો અહેવાલ સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

**એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩–૦૫–૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૮૬**

:: આથી ઠરાવવામાં આવે છે કે, **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા જે.એન.એમ.પટેલ સાયન્સ કોલેજ, વેસુ, સુરત ના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. **વિજયકુમાર ઈશ્વરલાલ પટેલ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. શૈલેષ ઝાલા, મા.કુલપતિશ્રી, એમ.કે.ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર અને ૨. ડૉ. અરૂણ સિંગ, એસોસિયેટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, ગર્વમેન્ટ એમ.એલ.બી. પીજી કોલેજ, ભોપાલ) ના અહેવાલમાં In the light of above facts its clear that Dr. Patel does not have adequate service length as mentioned in the Ordinance attached along with the application form although he is having enough research papers published in the journal of international repute and referred. **Its recommended that first he should complete the required service length 5 years as Post Graduate Teacher before recognized as research supervisor** ની ભલામણ કરેલ છે જે ભલામણ ઓર્ડિનન્સ ૧૦૮ સાથે વાંચનમાં લેતા યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત આસીસ્ટન્ટ પ્રોફેસરના ૨ રીસર્ચ પેપર પબ્લીકેશન હોય તેમજ અનુસ્નાતક કાર્યભાર બાબતે જોગવાઈ કરેલ ન હોય તે ધ્યાને લેતા પબ્લીકેશન મુલ્યાંકનના અહેવાલને આધારે પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષકની માન્યતા આપી શકાય જે મુજબ પબ્લીકેશન મુલ્યાંકનના અહેવાલ હકારાત્મક હોય, જે સ્વીકારી આસીસ્ટન્ટ પ્રોફેસર **ડૉ. વિજયકુમાર ઈશ્વરલાલ પટેલ** ને **સાયન્સ** ફેકલ્ટીનાં **કેમેસ્ટ્રી** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૩–૫–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૮૬ ની ઉપરોક્ત ભલામણનો સ્વીકાર કરી આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. વિજયકુમાર ઈશ્વરલાલ પટેલને સાયન્સ ફેકલ્ટીનાં કેમેસ્ટ્રી વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી.**

૬. **કોમર્સ** ફેકલ્ટીનાં **કોમર્સ / એપ્લાઈડ સ્ટેટિસ્ટીક** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા **સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ, સુરત**ના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. **મહેતા પૂર્ણિમા ઉમેશ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. સંજય જૈન, પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ મેથેમેટીકલ સાયન્સીસ, ગર્વમેન્ટ કોલેજ, અજમેર, રાજસ્થાન અને ર. ડૉ. એમ.એન.પટેલ, પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટિસ્ટીક, સ્કુલ ઓફ સાયન્સીસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) ના અહેવાલ / રીપોર્ટ કાર્યાલયને મળેલ છે. સદર તજજ્ઞોના અહેવાલ હકારાત્મક હોય, જે BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી તજજ્ઞોના અહેવાલો હકારાત્મક હોય, તે અહેવાલ સ્વીકારવાની સત્તા માન.કુલપતિશ્રીને આપેલ હોય જે અન્વયે માન.કુલપતિશ્રી ધ્વારા અહેવાલ સ્વીકારી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ હોય જે ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩–૦૫–૨૦૧૮ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૮૭) અન્વયે ડૉ. મહેતા પૂર્ણિમા ઉમેશ ને કોમર્સ ફેકલ્ટીના કોમર્સ / એપ્લાઈડ સ્ટેટિસ્ટીક વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવાના તજજ્ઞોનો અહેવાલ સ્વીકારી સિન્ડિકેટને ભલામણ કરેલ હોય, જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>એકેડેમિક કાઉન્સિલની તા. ૨૩–૦૫–૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૮૭</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, **કોમર્સ** ફેકલ્ટીના **કોમર્સ / એપ્લાઈડ સ્ટેટિસ્ટીક** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ, સુરત ના આસીસ્ટન્ટ પ્રોફેસર ડૉ. **મહેતા પૂર્ણિમા ઉમેશ** ની અરજી સંદર્ભમાં સંશોધન પેપર્સ / પબ્લીકેશનનો અહેવાલ / રીપોર્ટ આપવા માટે મા.કુલપતિશ્રી દ્વારા નિમાયેલ બે એક્ષ્પર્ટ / નિર્ણાયકો (૧. ડૉ. સંજય જૈન, પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ મેથેમેટીકલ સાયન્સીસ, ગર્વમેન્ટ કોલેજ, અજમેર, રાજસ્થાન અને ર. ડૉ. એમ.એન.પટેલ, પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટિસ્ટીક, સ્કુલ ઓફ સાયન્સીસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ) ના હકારાત્મક અહેવાલ/રીપોર્ટ મળેલ છે. BUTની તા. ૯–૫–૨૦૧૨ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૧ થી બંને અહેવાલો હકારાત્મક હોય તો સીધા જ અહેવાલો AC માં રજુ કરવા ઠરાવેલ હોય, માન.કુલપતિશ્રીએ BUT વતી અહેવાલોનો સ્વીકાર કરી AC ને ભલામણ કરેલ હોય જે સ્વીકારી વ્યાખ્યાતા ડૉ. **મહેતા પૂર્ણિમા ઉમેશ** ને **કોમર્સ** ફેકલ્ટીનાં **કોમર્સ / એપ્લાઈડ સ્ટેટિસ્ટીક** વિષયમાં પીએચ.ડી.ના માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. મહેતા પૂર્ણિમા ઉમેશને માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવી.**

૭. વનિતા વિશ્રામ ટ્રસ્ટ, સુરત સંચાલિત વનિતા વિશ્રામ વુમનર્સ કોલેજ ઓફ કોમર્સ, વનિતા વિશ્રામ કેમ્પસ, જવાહરલાલ નહેરુ માર્ગ, અઠવાગેટ, જિઃ સુરતનેના સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ. ને ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીના તા.૨૭–૦૪–૨૦૧૮ ના પત્રાંકઃ દગજ / ૨૦૧૭ / ૧૫૬ /ખ–૧ થી સદર અભ્યાસક્રમને સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ છે, જેની જાણ થવા સારું.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, વનિતા વિશ્રામ ટ્રસ્ટ, સુરત સંચાલિત વનિતા વિશ્રામ વુમનર્સ કોલેજ ઓફ કોમર્સ, વનિતા વિશ્રામ કેમ્પસ, જવાહરલાલ નહેરુ માર્ગ, અઠવાગેટ, જિઃ સુરતનેના સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.બી.એ. ને ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ૫, સરદાર ભવન, સાતમો માળ, સચિવાલય, ગાંધીનગરના સેકશન અધિકારીશ્રીના તા.૨૭–૦૪–૨૦૧૮ના પત્રાંકઃ દગજ / ૨૦૧૭ / ૧૫૬ /ખ–૧ થી સદર અભ્યાસક્રમને સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવામાં આવેલ છે, જેની નોંધ લેવી.**

૮. ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૫–૬–૨૦૧૮ના હુકમ ક્રમાંકઃ SCA / ૨૦૧૭/હા–૨/ખ.૧. થી હુકમ જાહેર કરવામાં આવેલ છે. સદર હુકમમાં બંને પક્ષકારોને રૂબરૂ સાંભળવ્યા બાદ બંને પક્ષકારોની લેખિત તથા મૈખિક રજુઆતો અને તેમણે રજુ કરેલ દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ યુનિવર્સિટીના તો ૧૩/૦૩/૧૮ ના પત્ર ક્રમાંકઃએસ.એ. (૫રમાર) (કોલક) (બી.એડ) (૧૮)૪૩૬૩ અને તા.૧૯/૦૫/૧૮ના પત્ર ક્રમાંકઃ એસ.એ/ ૫રમાર(કોલક)(૨૮૪) (૨૦૧૮)/૮૨૦૨ થી કરવામાં આવેલ હુકમો આથી રદ કરવામાં આવે છે.અને સી. એન. ૫રમાર બી.એડ્. કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯માં બી.એડ્.માં પ્રવેશ ચાલુ રાખવો તેમ નિર્ણય કરેલ છે. તદ્નુસાર નિર્ણય મુજબ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે આગળની જરૂરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને કરવામાં આવેલ કાર્યવાહીની જાણ રાજય સરકારશ્રીને કરવાની રહેશે. એમ જણાવેલ છે જેની જાણ થવા સારું.

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૫–૬–૨૦૧૮ના હુકમ ક્રમાંકઃ SCA/ ૨૦૧૭/હા–૨/ખ.૧. થી હુકમ જાહેર કરવામાં આવેલ છે. સદર હુકમમાં બંને પક્ષકારોને રૂબરૂ સાંભળવ્યા બાદ બંને પક્ષકારોની લેખિત તથા મૈખિક રજુઆતો અને તેમણે રજુ કરેલ દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ યુનિવર્સિટીના તો ૧૩/૦૩/૧૮ના પત્ર ક્રમાંકઃએસ.એ. (૫રમાર) (કોલક) (બી.એડ) (૧૮)૪૩૬૩ અને તા.૧૯/૦૫/૧૮ના પત્ર ક્રમાંકઃ એસ.એ/ ૫રમાર (કોલક) (૨૮૪) (૨૦૧૮)/૮૨૦૨ થી કરવામાં આવેલ હુકમો આથી રદ કરવામાં આવે છે.અને સી. એન. ૫રમાર બી.એડ્. કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯માં બી.એડ્.માં પ્રવેશ ચાલુ રાખવો તેમ નિર્ણય કરેલ છે. તદ્નુસાર નિર્ણય મુજબ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે આગળની જરૂરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને કરવામાં આવેલ કાર્યવાહીની જાણ રાજય સરકારશ્રીને કરવાની રહેશે. એમ જણાવેલ છે જેની નોંધ લેવી.**

**<u>માનનીય કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.</u>**

૯. યુનિવર્સિટીનો ૫૨ મો વાર્ષિક અહેવાલ (વર્ષઃ ૨૦૧૭–૨૦૧૮) (તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૦૩/ ૨૦૧૮ સુધીની માહિતીઓનો અહેવાલ) તૈયાર કરવાનો હોઈ, માનનીય કુલપતિશ્રીએ **<u>૫૨ મો વાર્ષિક અહેવાલ સમિતિના સભ્યો તરીકે નીચે જણાવેલ સભ્યોની નિયુકિત કરી હોઈ, માનનીય કુલપતિશ્રીના ૫૨ મો વાર્ષિક અહેવાલ સમિતિના સભ્યશ્રીઓની કરેલ નિમણૂંકના પગલાંની નોંધ લેવા બાબત.</u>**

**<u>૫૨ મો વાર્ષિક અહેવાલ (વર્ષઃ ૨૦૧૭–૨૦૧૮) તૈયાર કરવા માટેની સમિતિઃ</u>**

(૧) ડૉ. રાકેશભાઈ દેસાઈ (કન્વીનરશ્રી) (પ્રો. અને હેડ) (સિન્ડિકેટ સભ્યશ્રી)

(૨) આ.ડૉ. કિશોરકુમાર નટવરસિંહ ચાવડા

(૩) આ.ડૉ. દિલીપભાઈ વરસાણી

(૪) આ.ડૉ. પંકજભાઈ એસ. દેસાઈ

(૫) આ.ડૉ. ભાવીનકુમાર આર. નાયક

(૬) આ.ડૉ. જયંતીભાઈ ચૌધરી

(૭) ડૉ. નરેશ આર. શુકલ

(૮) ડૉ.તરૂણ પી.તેજવાણી

(૯) ડૉ.મહેશભાઈ એમ.પટેલ

(૧૦) ડૉ.કિરણ પંડયા

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનો ૫૨ મો વાર્ષિક અહેવાલ (વર્ષઃ ૨૦૧૭–૨૦૧૮) (તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૦૩/ ૨૦૧૮ સુધીની માહિતીઓનો અહેવાલ) તૈયાર કરવાનો હોઈ, માનનીય કુલપતિશ્રીએ ૫૨ મો વાર્ષિક અહેવાલ સમિતિના સભ્યો તરીકે ઉપરોકત જણાવેલ સભ્યોની નિયુકિત કરી હોઈ, માનનીય કુલપતિશ્રીના ૫૨ મો વાર્ષિક અહેવાલ સમિતિના સભ્યશ્રીઓની કરેલ નિમણૂંકના પગલાંની નોંધ લેવી.**

**૧૦.** શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટે સ્વનિર્ભર નવી કોલેજો / નવા અભ્યાસક્રમ શરૂ કરવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૭–૧૦–૨૦૧૩ના રોજ મળેલ ઠરાવ ક્રમાંકઃ (૭૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ તથા ચકાસણી સમિતિના અહેવાલો એકેડેમિક કાઉન્સિલની તા.૧૮–૬–૨૦૧૮ની સભામાં રજૂ કરવામાં આવેલ હોઈ, એકેડેમિક કાઉન્સિલે તેમના ઠરાવ ક્રમાંક (૨) થી (૧૨) અને (૪૩) અન્વયે, યુનિવર્સિટીના ધારા ધોરણ પ્રમાણે તા.૧૫ જુલાઈ ૨૦૧૮ સુધીમાં શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવાની શરતે તથા તેની ચકાસણી તા.૨૦ જુલાઈ ૨૦૧૮ સુધીમાં યુનિવર્સિટીમાં સિન્ડિકેટ વિભાગમાં કરાવી લેવાની શરતે તથા કોલેજના મકાન માટે નિયમોનુસારની જમીન સંચાલક મંડળ પાસે હોવાની ચકાસણી પણ તા. ૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં કરાવી લેવાની શરતે નવું જોડાણ/વધારાનુ જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. એમ ઠરાવેલ હોઈ, સદર નવી કોલેજો માટે સૈધ્ધાંતિક મંજૂરી માટે પત્ર લખવા અંગે, ચકાસણી દરમ્યાન જમીન ઓછી હોય, નવી કોલેજો શૈક્ષણિક સ્ટાફની ભરતી સમયસર નહી કરી હોઈ, તો તે દરેક બાબતો અંગે શું કાર્યવાહી કરવી તે અંગે વિચારણા કરવા બાબત**.**

નીચે જણાવેલ કોલેજોના નવા જોડાણ સંદર્ભે એકેડેમિક કાઉન્સિલે તેમના ઠરાવ ક્રમાંકઃ (૨) થી (૧૨),(૪૩) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.

| ક્રમ | કોલેજનું નામ | અભ્યાસક્રમ | એકેડમિક ઠરાવ ક્રમાંકઃ | જમીન અંગેની માહિતી | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧. | અખિલ ગુજરાત માનવ કલ્યાણ સંસ્થાન, એ–૧૧, ઈલોરા પાર્ક સોસાયટી, ઓલ્ડ નેશનલ હાઈવે ૮, એસ.ટી. ડિવિઝન ઓફિસની સામે, ભોલાવ, ભરૂચ સંચાલિત **સોંદરબા રામસિંહ માંગરોલા ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ સ્ટડીઝ, AGMKS કેમ્પસ, દેસાડ રોડ, વાલિયા, જિ : ભરૂચ** | બી.કોમ. (એક ડિવિઝન) (સ્વનિર્ભર અભ્યાસક્રમ) | (૨) | **૫.૦૦ એકર** | **સદર કોલેજે જોડાણ અરજી સાથે મુકેલ ૭/૧૨ ના નમુનામાં ૩–૪૬–૬૦ હેકટર આરે ચો.મી. બતાવેલ છે અને જોડાણ અરજીમાં ૫:૦૦ એકર જમીન બતાવેલ છે. સદર જમીન ટ્રસ્ટના નામે ૭/૧૨ની નકલમાં જણાવેલ છે.** |
| ૨. | શ્રી નવચેતન એજયુકેશન સોસાયટી, મુ.પો. વાલિયા, જિઃ ભરૂચ સંચાલિત શ્રી રંગ નવચેતન કોમર્સ કોલેજ, મુ.પો. વાલિયા, જિઃ ભરૂચ | **બી. કોમ. (ગુજરાતી માધ્યમ) (એક ડિવિઝન) (સ્વનિર્ભર)** | (૩) | **૧૨.૩૦** | **સદર કોલેજે જોડાણ અરજી સાથે મુકેલ ૭/૧૨ના નમુનામાં ૮–અ માં કુલ જમીન ૫.૦૯ હેકટર આરે ચો.મી. દર્શાવેલ છે અને જોડાણ અરજી ફોર્મમાં ૧૨.૩૦ એકર જમીન દર્શાવેલ છે. ૭/૧૨ની નકલમાં જમીન ટ્રસ્ટના નામે છે.** |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | શ્રી નર્મદા ઉત્કર્ષ ચેરીટેબલ ટ્રસ્ટ, સુંદરપુરા,તા. નાંદોદ, જિઃ નર્મદા સંચાલિત મૈકલ કન્યા આર્ટસ કોલેજ, મુ.પો. ગરૂડેશ્વર, તા. ગરૂડેશ્વર, જિ : નર્મદા | સ્વનિર્ભર અભ્યાસક્રમ **બી.એ. (એક ડિવિઝન) (ગુજરાતી, અંગ્રેજી, સોશિયોલોજી, અને ઈકોનોમીકસ)** | (૪) | **૭.૦૦ એકર** | **સદર કોલેજે તેમના ૭ અને ૧૨ના નમુનામાં ૧–૪૮–૭૨ તથા ૧–૪૫–૩૯ હેકટર આરે ચો.મી. અને ગામનો નમુનો ૮–અ માં કુલ ૨–૯૪–૧૧ હેકટર આરે ચો.મી.. જમીન દર્શાવેલ છે. સદર કોલેજે જોડાણ અરજી ફોર્મમાં ૭ઃ૦૦ એકર જમીન દર્શાવેલ છે. સદર જમીન ૭/૧૨ ના નમુના મુજબ ટ્રસ્ટના નામે છે.** |
| ૪ | આર્દશ કેળવણી મંડળ, કોસંબા, C/o, વી.એસ. પટેલ હાઈ સ્કુલ, મુ : તરસાડી, પો. કોસંબા, તા.માંગરોલ, જિઃ સુરત. સંચાલિત **આર્દશ** કેળવણી મંડળ કોસંબા સંચાલિત કોમર્સ કોલેજ, હળઃલ વી.એસ. પટેલ હાઈ સ્કુલ, મુઃતરસાડી, પો. કોસંબા, તા.માંગરોલ, જિઃ સુરત | **બી. કોમ. (એક ડિવિઝન) (સ્વનિર્ભર)** | (૫) | **૧૧.૧૯ + ૨.૫૦ એકર** | **સદર કોલેજે જોડાણ અરજી સાથે મુકેલ ૭/૧૨ની નકલમા ૪–૫૯–૫૫ હેકટર આરે ચો.મી. જમીન દર્શાવેલ છે. સદર કોલેજે જોડાણ અરજીમાં ૧૧.૧૯ + ૨.૫૦ એકર જમીન દર્શાવેલ છે. સદર કોલેજના ૭/૧૨ની નકલમાં જમીન ટ્રસ્ટના નામે છે.** |
| ૫ | શ્રી ભારતીય વિદ્યામંડળ કોલેજ કેમ્પસ, (નવાગામ), કામરેજ, જિઃસુરત સંચાલિત શ્રી જે.એસ. ભકતા આર્ટસ એન્ડ શ્રી એ.એન. શાહ સાયન્સ એન્ડ શ્રી એન.એફ. શાહ કોમર્સ કોલેજ, કામરેજ ચાર રસ્તા, ખોલવડ, સુરત | **બી.કોમ. (અંગ્રેજી માધ્યમ– ૧ ડિવિઝન)** (સ્વનિર્ભર અભ્યાસક્રમ) | (૬) | ૨૪.૩૭૫ એકર | **સદર કોલેજે તેમના જોડાણ અરજીમાં ૨૪.૩૭૫ એકર જમીન દર્શાવેલ છે. સદર કોલેજે તેની જોડાણ અરજી સાથે મુકેલ ૭/૧૨ ની નકલ માં ૮–૭૭–૬૦ હેકટર આરે ચો.મી. દર્શાવેલ છે. સદર ૭/૧૨ના નમુનામાં જમીન ટ્રસ્ટના નામે દર્શાવેલ છે.** |

.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | શ્રી ભારતીય વિદ્યામંડળ કોલેજ કેમ્પસ,(નવાગામ) સંચાલિત **શ્રી જે. એસ. ભકતા આર્ટસ એન્ડ શ્રી એ. એન. શાહ સાયન્સ એન્ડ શ્રી એન.એફ. શાહ કોમર્સ કોલેજ, કામરેજ ચાર રસ્તા, ખોલવડ, સુરત** | બી.એસસી.(પાંચમુ અને છઠ્ઠા સેમેસ્ટરમાં ફિઝિકસ મુખ્ય વિષય તરીકે) (અનુદાનપાત્ર કોલેજ) | (૭) | ૨૪.૩૭ ૫ એકર | **સદર કોલેજે તેમના જોડાણ અરજીમાં ૨૪.૩૭૫ એકર જમીન દર્શાવેલ છે. સદર કોલેજે તેની જોડાણ અરજી સાથે મુકેલ ૭/૧૨ ની નકલ માં ૮–૭૭–૬૦ હેકટર આરે ચો.મી. દર્શાવેલ છે. સદર ૭/૧૨ના નમુનામાં જમીન ટ્રસ્ટના નામે દર્શાવેલ છે.** |
| ૭ | વનિતા વિશ્રામ, વનિતા વિશ્રામ કેમ્પસ, જવાહરલાલ નહેરૂ માર્ગ, અઠવાગેટ, સુરત સંચાલિત શેઠ પી.ટી મહિલા કોલેજ ઓફ આર્ટસ એન્ડ હોમ સાયન્સ, વનિતા વિશ્રામ કેમ્પસ, જવાહરલાલ નહેરૂ માર્ગ, અઠવાગેટ, સુરત | Bachelor of Vocation Course (B.Voc.) (Home Science) Diploma in Fashion Designing, Diploma in Event Management, Diploma in Interior Designing | (૮) | ૨૭.૧૧ એકર | **સદર કોલેજે તેમના જોડાણ અરજીમાં ૨૭.૧૧ એકર જમીન દર્શાવેલ છે. સદર કોલેજે તેની જોડાણ અરજી સાથે મૂકેલ ૭/૧૨ ની નકલમાં ૧–૯૮–૦૭ હેકટર આરે ચો. મીટર જમીન દર્શાવેલ છે. સદર જમીન ટ્રસ્ટના નામે છે.** |
| ૮. | માધવ એજયુકેશન ટ્રસ્ટ, ૭૧,૭૨, સાધના સોસાયટી, સીટીલાઈટ રોડ, મોટા વરાછા, સુરત સંચાલિત વિશ્વભારતી ગર્લ્સ ઈન્સ્ટિટયુટ ઓફ કોમર્સ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લીકેશન, વિશ્વભારતી ગર્લ્સ ઈન્ટરનેશનલ સ્કુલ, સિમાડી – કોસંમડી રોડ, મોરથાણા, સુરત | **(બી.કોમ. અંગ્રજી માધ્યમ–૧ ડિવિઝન, બી.બી.એ.–૧ તથા બી.સી.એ.–૧ડિવિઝન) (સ્વનિર્ભર)** | (૯) | ૫.૫ એકર | સદર કોલેજે તેની જોડાણ અરજીમાં ૫.૫ એકર જમીન દર્શાવેલ છે. સદર કોલેજે જોડાણ અરજી સાથે મૂકેલ ૭/૧૨ની નકલમાં ૨–૨૩–૧૯ હેકટર આરે ચો. મી. દર્શાવેલ છે. ૭/૧૨ની નકલમાં જમીન ટ્રસ્ટના નામે છે. સેલડીડ અને લીઝ ડીડની જોડાણ અરજી સાથે મૂકેલ છે. |
| ૯ | શ્રીમદ્ રાજચંદ્ એજયુકેશન ટ્રસ્ટ, મોહનગઢ, ધરમપુર, જિ : વલસાડ સંચાલિત શ્રીમદ્ રાજચંદ્ વિદ્યાપીઠ,કરંજવેરી, કાંગવી રોડ, ધરમપુર, જિ : વલસાડ | **બી.એસસી. (પ્રથમ વર્ષ બી.એસસી.માં (બોટની અને મેથેમેટિકસ) વધારાના મુખ્ય વિષયોનું નવું જોડાણ) (સ્વનિર્ભર અભ્યાસક્રમ)** | (૧૦) | ચાલુ કોલેજમાં વધારાના વિષયનું જોડાણ | સદર કોલેજે વધારાનો વિષય શરૂ કરવા માંગે છે ૭/૧૨ની અને ૮–અ માં સદર કોલેજે કુલ ૦–૨૧–૨૫ હેકટર ચો.મી. જમીન દર્શાવેલ છે. સદર જમીન ટ્રસ્ટના નામે જ છે. |

.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | આર. કે. દેસાઈ કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, કોપરલી રોડ, વાપી | **બી.કોમ. (એક ડિવિઝન) (સ્વનિર્ભર અભ્યાસક્રમ)** | (૧૧) | ચાલુ કોલેજમાં વધારાના નું ડિવિઝન ૬.૦૦ એકર (૨૩૬૧૮ સ્કે.મી) | સદર કોલેજે જોડાણ અરજીમાં ૬ એકર જમીન દર્શાવેલ છે. સદર કોલેજની જમીન ટ્રસ્ટના નામે છે. |
| ૧૧. | માધવ એજયુકેશન ટ્રસ્ટ, ૭૧,૭૨, સાધના સોસાયટી, સીટીલાઈટ રોડ, મોટા વરાછા, સુરત સંચાલિત વિશ્વભારતી ગર્લ્સ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિશ્વભારતી ગર્લ્સ ઈન્ટરનેશનલ સ્કુલ, સિમાડી – કોસંમડી રોડ, મોરથાણા, સુરત | **બી.એસસી. (કેમેસ્ટ્રી–૧ ડિવિઝન અને માઈક્રોબાયોલજો–૧ ડિવિઝન)** (સ્વનિર્ભર અભ્યાસક્રમ) | (૪૩) | ૫.૫ એકર | સદર કોલેજે તેની જોડાણ અરજીમાં ૫.૫ એકર જમીન દર્શાવેલ છે. સદર કોલેજે જોડાણ અરજી સાથે મૂકેલ ૭/૧૨ની નકલમાં ૨–૨૩–૧૯ હેકટર આરે ચો. મી. દર્શાવેલ છે. ૭/૧૨ની નકલમાં જમીન ટ્રસ્ટના નામે છે. સેલડીડ અને લીઝ ડીડની જોડાણ અરજી સાથે મૂકેલ છે. |

**. (નોંધ : (૧) એકેડેમિક કાઉન્સિલની તા.૧૮–૬–૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૨) અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે.**

**::: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ધારા ધોરણ પ્રમાણે તા.૧૫ જુલાઈ ૨૦૧૮ સુધીમાં શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવાની શરતે તથા તેની ચકાસણી તા.૨૦ જુલાઈ ૨૦૧૮ સુધીમાં યુનિવર્સિટીમાં સિન્ડિકેટ વિભાગમાં કરાવી લેવાની શરતે તથા કોલેજના મકાન માટે નિયમોનુસારની જમીન સંચાલક મંડળ પાસે હોવાની ચકાસણી પણ તા.૨૦/૦૭/૨૦૧૮ સુધીમાં કરાવી લેવાની શરતે નવું જોડાણ/વધારાનુ જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**(૨) સિન્ડિકેટનો તા.૨/૮–૫–૨૦૧૮નો સભાનો ઠરાવ ક્રમાંકઃ (૨૮૦) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, હવે પછી આવનારા નીડ કમીટીના અને સ્થાનિક તપાસ સમિતિના અહેવાલો હકારાત્મક હોઈ તે મંજૂર કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે. ઉપરાંત નીડ કમીટીના હકારાત્મક રીપોર્ટને આધારે એલ. આઈ. સી. મોકલવાની તેમજ તેને મંજુર કરવાની સત્તા ૨૦૧૩ના ઠરાવ અંતર્ગત પ્રમાણે માનનીય કુલપતિશ્રીને આપવામાં આવે છે.**

**(૩) સિન્ડિકેટનો તા.૨/૮–૫–૨૦૧૮નો સભાનો ઠરાવ ક્રમાંકઃ (૧૦૨) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.**

**:: આથી ઠરાવવામાં આવે છે કે, રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઉપરોકત દર્શાવ્યા મુજબના પત્રો અંગે પત્રની નોંધ લેવી અને સંસ્થાઓને પુર્તતા કરવા જણાવવું. પુર્તતા થયેથી રાજય સરકારને ભલામણ કરવી.**

**(૪) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.દગજ/૨૦૦૯/૨૮૩૩/ખ.૧ થી સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી આપવા અંગેની દરખાસ્ત અચૂકપણે રાજય સરકારને શૈક્ષણિક વર્ષ શરૂ થાય તે પૂર્વે રજૂ કરવી જોઈએ. તેમ જણાવેલ છે.**

(૫) ઉપરોકત અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે. )

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને Withdraw કરવી.**

૧૧. શિવ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, ચીખલી કોલેજ કેમ્પસ, પો. ખુંધ, વાંસદા રોડ, તા. ચીખલી, જિઃ નવસારી સંચાલિત _સ્વામીનારાયણ નર્સિંગ કોલેજ, ચીખલી કોલેજ કેમ્પસ, પો. ખુંધ, વાંસદા રોડ, તા. ચીખલી, જિઃ નવસારીમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. (નર્સિંગ) નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા.૭–૧૦–૨૦૧૩ના રોજ મળેલ સભાના ઠરાવ ક્રમાંકઃ (૭૮) અન્વયે, માનનીય કુલપતિશ્રીને આપેલ સત્તાની રૂએ, માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં સભ્યોએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલ ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૧૮–૦૬ – ૨૦૧૮ની ભલામણ ક્રમાંક : ૧૨ થી સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

| ક્રમ | વિષય / અભ્યાસક્રમ | જોડાણનો પ્રકાર | સમયગાળો |
|---|---|---|---|
| 1. | બી.એસસી.(નર્સિંગ) (સ્વનિર્ભર અભ્યાસક્રમ) | નવું જોડાણ | તા.૧૫–૬–૨૦૧૮ થી તા.૧૪–૬–૨૦૧૯ (એક વર્ષ માટે) |

**<u>શરતો :</u>**

૧. કાયમી પ્રિન્સીપાલની નિમણૂંક કરવી.

૨. આગામી શૈક્ષણિક વર્ષનો કાર્યભાર જોતા સ્ટાફની કાયમી નિમણૂંક માટેની જાહેરાત સંસ્થાએ આપી છે. તે કાર્યવાહી કરવી.

૩. INC , GNC અને યુનિવર્સિટીના ધારાધોરણોનો સમયસર પાલન કરવું.

**<u>નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :</u>**

૧. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખત નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

૨. મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/–(દસ લાખ પૂરા)ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકતનામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહિત રીન્યુ કરાવવાની રહેશે. (જો મૂકેલ ન હોય તો )

૩. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા. ૨૫,૦૦,૦૦૦/– (પચ્ચીસ લાખ પૂરા)ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા. ૨૫,૦૦,૦૦૦/–(પચ્ચીસ લાખ પૂરા સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૪. ડિપોઝીટની શરત અન્વયે મિલ્કતો ઋણ મુકત હોવા બાબતનું માન. ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૫. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા. ૫,૦૦,૦૦૦/–(પાંચ લાખ પૂરા)નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાનાં રહેશે.

૬. કોલેજમાં ઈમેઈલ/ ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૭. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા– ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

૮ વિષય અનુરૂપ લાયકાત ધરાવતા વ્યાખ્યાતાઓની નિમણૂંક કરવી.ડ

૯. ઓર્ડિનન્સ ૬૯–એ, ૬૯–બીનું યથાર્થ પાલન કરવું.

(નોંધ : (૧)સદર કોલેજે જોડાણ અરજી ફોર્મમાં ૮.૩૪ એકર જમીન દર્શાવેલ છે. )
(૨) સદર કોલેજે તેની જોડાણ અરજીમાં ૮.૩૪ એકડ જમીન દર્શાવેલ છે. સદર કોલેજે તેની જોડાણ અરજી સાથે મૂકેલ ૭/૧૨ ની નકલમાં ૩–૨૮–૮૦ હેકટર આરે ચો. મી. જમીન દર્શાવેલ છે. સદર કોલેજે ૭/૧૨ ની નકલમાં ટ્રસ્ટ વિમલ ઉચ્ચતર કેળવણી મંડળ દર્શાવેલ છે. સાથે સદર કોલેજે લીઝ એગ્રીમેન્ટ મૂકેલ છે.)

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૧૮–૦૬–૨૦૧૮ની ભલામણ ક્રમાંક :( ૧૨ )</u>**

**::: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ધારા ધોરણ પ્રમાણે ૧૫ જુલાઈ ૨૦૧૮ સુધીમાં શૈક્ષણિક સ્ટાફની નિમણૂંક કરવાની શરતે તથા તેની ચકાસણી ૨૦ જુલાઈ ૨૦૧૮ સુધીમાં યુનિવર્સિટીમાં સિન્ડિકેટ વિભાગમાં કરાવી લેવાની શરતે તથા કોલેજના મકાન માટે નિયમોનુસારની જમીન સંચાલક મંડળ પાસે હોવાની ચકાસણી પણ તા.૨૦/૦૭/ ૨૦૧૮ સુધીમાં કરાવી લેવાની શરતે નવું જોડાણ/વધારાનુ જોડાણ શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(સિન્ડિકેટ)

**:: આથી ઠરાવવામાં આવે છે કે, શિવ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ, ચીખલી કોલેજ કેમ્પસ, પો. ખુંધ, વાંસદા રોડ, તા. ચીખલી, જિઃ નવસારી સંચાલિત સ્વામીનારાયણ નર્સિંગ કોલેજ, ચીખલી કોલેજ કેમ્પસ, પો. ખુંધ, વાંસદા રોડ, તા. ચીખલી, જિઃ નવસારીમાં શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી. (નર્સિંગ) નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં જરૂરી પુરાવાઓ રાજય સરકારની એન. ઓ. સી., આઈ. એન. સી. અને જી.એન.સી.ના હકારાત્મક રીપોર્ટ રજૂ કર્યા બાદ અને તેની ચકાસણી કર્યા બાદ મંજૂરી આપવાની સત્તા માનનીય કુલપતિશ્રીને આપવી.**

**(૧) શ્રી વિનોદભાઈ ગજેરા (૨) ડૉ.ઘનશ્યામભાઈ રાવલ (૩) ડૉ. ઈન્દ્રાવતી રાવ**

૧૨. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માં પ્રવેશ માટે વિકેન્દ્રિત (decentralized) ધોરણે ઓનલાઈન પધ્ધતિ કરવા અંગે યુનિવર્સિટી પ્રવેશ કમિટિ બી.બી.એ. / બી.સી.એ./ બી.કોમ. ની તા.૧૯–૬–૨૦૧૮ ની સભા ઠરાવ ક્રમાંકઃ(૭) અને બી.એસસી., બી.એસસી.(માઈક્રો), કોમ્પ્યુટર સાયન્સ, એમ.એસસી. (બાયોટેકનોલોજી) ની તા. ૧૫–૬–૨૦૧૮ના સભાના ઠરાવ ક્રમાંકઃ (૩) અન્વયે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટે સીટ વધારવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**(નોંધ :** (૧) યુનિવર્સિટી પ્રવેશ કમિટિએ તેમના તા.૧૫–૬–૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ (૩) અન્વયે, નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.

B.Sc. માં બેઠકોની સંખ્યા કરતા ભરાયેલા ફોર્મની સંખ્યા ઘણી વધારે હવાથી કમિટિ દ્વારા ગર્વમેન્ટ, ગ્રાન્ટ ઈન એઈડ અને સ્વનિર્ભર કોલેજોમાં ડિવિઝન દીઠ ૧૦ બેઠકોનો વધારો કરવા ભલામણ કરવામાં આવે છે. એટલે કે, ગર્વમેન્ટ અને ગ્રાન્ટ ઈન એઈડમાં ડિવિઝન દીઠ ૧૪૦ અને સ્વનિર્ભરમાં ડિવિઝન દીઠ ૭૦ ની સંખ્યા રાખવા ભલામણ કરવામાં આવે છે.

(૨) યુનિવર્સિટી પ્રવેશ કમિટિએ તેમના તા.૧૯–૬–૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃ (૭) અન્વયે, નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.

પ્રથમ વર્ષ બી.કોમ. / બી.બી.એ./ બી.સી.એ. માં હાલ ત્વરિત રજીસ્ટ્રેશનની સંખ્યા ઘણી વધારે હોવાથી કમિટિ દ્વારા સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ અને સ્વનિર્ભર કોલેજોમાં ડિવિઝન દીઠ ૧૦ બેઠકોનો વધારો કરવા ભલામણ કરવામાં આવે છે. એટલે કે, સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ બી.કોમ.માં ૧૪૦ અને સ્વનિર્ભર બી.કોમ.માં ડિવિઝન દીઠ ૧૧૦ તથા બી.બી.એ., બી.સી.એ.માં ડિવિઝન દીઠ ૭૦ ની સંખ્યા રાખવા ભલામણ કરવામાં આવે છે.

**(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માં પ્રવેશ માટે વિકેન્દ્રિત ( decentralized) ધોરણે ઓનલાઈન પધ્ધતિ કરવા અંગે યુનિવર્સિટી પ્રવેશ કમિટી (બી.એસસી., બી.એસસી. માઈક્રો., કોમ્પ્યુટર સાયન્સ, એમ.એસસી. બાયોટેકનોલોજી)ની તા.૧૫/૦૬/૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ અન્વયે કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરી એકેડેમિક કાઉનિસલે તેમની તા. ૧૮–૬–૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંકઃ (૫૧) અન્વયે, નીચે મુજબ ઠરાવેલ છે.**

**::: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(૪) ઉપરોકત પત્રની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે. )

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માં પ્રવેશ માટે વિકેન્દ્રિત** (decentralized) **ધોરણે ઓનલાઈન પધ્ધતિ કરવા અંગે યુનિવર્સિટી પ્રવેશ કમિટિ બી.બી.એ. / બી.સી.એ./ બી.કોમ. ની તા.૧૯–૬–૨૦૧૮ ની સભા ઠરાવ ક્રમાંકઃ(૭) અને બી.એસસી., બી.એસસી.(માઈક્રો), કોમ્પ્યુટર સાયન્સ, એમ.એસસી. (બાયોટેકનોલોજી)ની તા.૧૫–૬–૨૦૧૮ના સભાના ઠરાવ ક્રમાંકઃ (૩) અન્વયે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટે સીટ વધારવા કરેલ વિનંતી સ્વીકારવી.**

**વધુમાં ગ્રાન્ટ ઈન એઈડ કોમર્સ કોલેજોમાં ચાલતા વધારાના વર્ગોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ગ્રાન્ટ ઈન એઈડની સંખ્યા જેટલી રાખવી.**

૧૩. પીએચ.ડી.– એમ.ફિલ.સંશોધન અભ્યાસની પ્રવેશ પરીક્ષામાં કવોલીફાઈડ થનાર ઉમેદવારના પરીણામની **Validity** હાલમાં જે તે પ્રવેશ પરીક્ષાની કાર્યવાહી માટે હોય જે **Validity** પીએચ.ડી.–એમ.ફીલ. પ્રવેશની પ્રવેશ પરીક્ષાના પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષ માટે જ(ત્યાર બાદની પીએચ.ડી.–એમ.ફિલ પ્રવેશની જાહેરાત થયેથી તેનું પરિણામ એક વર્ષ દરમ્યાન જાહેર થાય તો )માન્ય ગણવા, **અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૭–૦૫–૨૦૧૮ની સભાએ તેના ઠરાવ ક્રમાંક (૩૯) અન્વયે** એકેડેમિકકાઉન્સિલને ભલામણ કરવામાં આવેલ છે. એકેડેમિકકાઉન્સિલની તા.૨૩–૦૫–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૧૨૨) અન્વયે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવેલ છે. જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>અનુસ્નાતક શિક્ષણ મંડળની તા.૧૭–૦૫–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૩૯)</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, પીએચ.ડી.– એમ.ફિલ.સંશોધન અભ્યાસની પ્રવેશ પરીક્ષામાં કવોલીફાઈડ થનાર ઉમેદવારના પરીણામની **Validity** હાલમાં જે તે પ્રવેશ પરીક્ષાની કાર્યવાહી માટે હોય જે **Validity** હવે પછી થનાર પીએચ.ડી.–એમ.ફીલ. પ્રવેશની પ્રવેશ પરીક્ષાના પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષ માટે (પીએચ.ડી.–એમ.ફીલ. પ્રવેશની પ્રવેશ પરીક્ષાના પરિણામ જાહેર થયેથી એક વર્ષમાં થનાર પ્રવેશની જાહેરાત અન્વયે આયોજીત પ્રવેશ પરીક્ષા માટે ) માન્ય ગણવા એકેડેમિકકાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

<u>એકેડેમિકકાઉન્સિલની તા.૨૩–૦૫–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૧૨૨)</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે,પીએચ.ડી.– એમ.ફિલ.સંશોધન અભ્યાસની પ્રવેશ પરીક્ષામાં કવોલીફાઈડ થનાર ઉમેદવારના પરીણામની **Validity** હાલમાં જે તે પ્રવેશ પરીક્ષાની કાર્યવાહી માટે હોય જે **Validity**હવે પછી થનાર પીએચ.ડી.–એમ.ફીલ. પ્રવેશની પ્રવેશ પરીક્ષાના પરિણામ જાહેર થયાની તારીખથી એક વર્ષ માટે તથા ત્યારબાદ યોજાનાર ઓછામાં ઓછી (૧) પરીક્ષા સુધી માન્ય ગણવું (એક વર્ષથી વધુ હોય તો પણ) માન્ય ગણવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૩–૦૫–૨૦૧૮ની સભાનો ઠરાવ ક્રમાંક (૧૨૨) અન્વયે કરેલ ઉપરોકત ભલામણનો સ્વીકાર કરવો.**

૧૪. શ્રી તાપી બ્રહમચર્યાશ્રમ સભા, નઝર આયુવેદિક કોલેજ કેમ્પસ, રેલ્વે સ્ટેશનની પાસે, સુરત સંચાલિત આત્માનંદ સરસ્વતી સાયન્સ કોલેજ, શ્રી આત્માનંદ સરસ્વતી વિદ્યાસંકુલ, કાપોદરા, વરાછા, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એસસી.(કેમેસ્ટ્રી–૧, માઈક્રોબાયોલોજી–૧, મેથ્સ–૧ અને કોમ્પ્યુટર સાયન્સ–૧ ડિવિઝનની મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સભાના ઉપપ્રમુખશ્રીએ તેમના તા.૧૦–૫–૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ ૪૯/૨૦૧૮ થી શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટે સાયન્સ કોલેજને માન્યતા આપવા તેમજ સ્થાનિક તપાસ સમિતિની નિમણૂંક કરવા માટે કરેલ વિનંતીના સંદર્ભ આદેશાનુસાર (૧) આ.ડો.ભાવીન આર. નાયક (૨) ડો.અપૂર્વભાઈ દેસાઈ (૩) ડો.એન. બી. પટેલ અને (૪) ડો.પૃથુલ દેસાઈની સમિતિ નિમણૂંક કરવામાં આવેલ હોઈ, સદર કમિટિના સભ્યશ્રીઓએ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લઈ, યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધઃ ઉપરોકત અહેવાલની નકલ આ સાથે બિડાણ તરીકે સામેલ છે. )

(સિન્ડિકેટ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને Withdraw કરવી.**

**<u>અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.</u>**

૧૫. શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે પ્રથમ વર્ષ બી.એડ્. અભ્યાસના પ્રવેશ અંગે માન.કુલપતિશ્રી નિયુકત પ્રવેશ સમિતિની તા.૨૨/૦૬/૨૦૧૮ના રોજ યોજાયેલ સભામાં પ્રવેશ સમિતિ દ્વારા નીચે મુજબ ક્રમાંકઃ(૧) અને (૨) મુજબની ભલામણ કરેલ હોય જે ભલામણ પર વિચારણા કરવા બાબત.

(૧) એન.સી.ટી.ઈ.ની વેબસાઈટથી મળેલ માહિતી મુજબ **"સત્યમ કોલેજ ઓફ એજયુકેશન, ભરૂચ"**ની માન્યતા શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૧૯ થી Withdrawn કરેલ હોય જે અવલોકનમાં લઈ બી.એડ્. પ્રવેશની પ્રથમ/દ્વિતિય ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી દરમ્યાન ૨૭ વિદ્યાર્થીની ફાળવણી કરેલ છે. જે પ્રવેશો અન્ય કોલેજોમાં ફાળવવા કે કેમ તે બાબતે સત્વરે ઘટતી કાર્યવાહી કરવા ભલામણ છે. મેન્યુઅલ કાઉન્સિલીંગ શરૂ થયા પહેલા તેવા પ્રવેશાર્થીઓને પ્રવેશની અન્ય કોલેજમાં પ્રવેશની પ્રથમ તક આપવા ભલામણ છે.

(૨) **Amity** બી.એડ્. કોલેજ, ભરૂચ દ્વારા તેના તા.૧૩/૦૬/૨૦૧૮ના પત્રથી બી.એડ્. પ્રવેશની શૈક્ષણિક વર્ષઃ ૨૦૧૮–૧૯ની ફાળવણી ન કરવા વિનંતી કરેલ છે જે વિનંતી મુજબ હાલના પ્રવેશ/નવા પ્રવેશની ફાળવણી બાબતે સત્વરે યુનિવર્સિટી દ્વારા નિર્ણય કરવા ભલામણ છે.

(અનુસ્નાતક)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ માટે પ્રથમ વર્ષ બી.એડ્. અભ્યાસના પ્રવેશ અંગે માન.કુલપતિશ્રી નિયુકત પ્રવેશ સમિતિની તા.૨૨/૦૬/૨૦૧૮ના રોજ યોજાયેલ સભામાં પ્રવેશ સમિતિ દ્વારા ઉપરોકત મુજબ ક્રમાંકઃ(૧) અને (૨) મુજબની ભલામણ કરેલ હોય જે ભલામણ સંદર્ભે એન. સી. ટી. ઈ.ના વિડ્રો ઓલ મુજબ કાર્યવાહી કરવી. મેથડ પ્રમાણે વિદ્યાર્થીઓને અન્ય સ્વનિર્ભર કોલેજોમાં ખાલી જગ્યાઓ ઉપર મેરીટ અને ચોઈસ અનુસાર કોલેજોમાં તબદીલ કરવા પ્રવેશ સમિતિને જણાવવું.**

૧૬. નાણાં સમિતિ તા.૧૭/૦૫/૨૦૧૮ ઠરાવ ક્રમાંકઃ ૧૫ થી યુનિવર્સિટીના બાંધકામ વિભાગના પત્રાંકઃ એસ્ટેટ/૮૦૧૯, તા.૧૬/૦૫/૨૦૧૮ ,પત્રાંકઃએસ્ટેટ/ ૮૬૩૨, તા.૨૫/૦૫/૨૦૧૮ મુજબ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે વાર્ષિક ધોરણે Providing Security Service at Campus કામ માટેના ઈ–ટેન્ડરો પર વિચારણા કરતા, યુનિવર્સિટીનાં બાંધકામ વિભાગ દ્વારા સિકયુરીટી ગાર્ડની ભરતી કરવા અંગે ફરીથી જાહેરાત આપીને આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવેલ છે. જેની જાહેરાતમાં સિકયુરીટી ગાર્ડની લાયકાતમાં ગૃહરક્ષક દળ/લોકરક્ષક/પુર્વ સૈનિક/હોમ ગાર્ડની શૈક્ષણિક લાયકાતની તાલીમનો સમાવેશ કરવો એમ જણાવેલ છે. જે અંગે સિકયુરીટી ગાર્ડની ભરતી કરવા તેઓની લાયકાત, ધારા ધોરણો તથા અન્ય આનુષાંગિક બાબતો નકકી કરવા અંગે મા.કુલપતિશ્રીના આદેશાનુસાર સમિતિની રચના કરવામાં આવેલ હતી જે નિયુકત સમિતિની સભા વહીવટી ભવન ખાતે મળેલ હતી જેની તા.૨૦/૦૬/૨૦૧૮ ની કાર્યવાહી પર વિચારણા કરવા બાબત....

નોંધઃ કાર્યવાહીમાં નીચેની બાબતો માટે ભલામણ કરવામાં આવી છે.

(૧) ભરતી પ્રક્રિયા માટે ઓછામાં ઓછા બે વર્તમાનપત્રોમાં જાહેરાત આપી અને લાયકાત ધરાવતાં ઉમેદવાર માટે જરૂરી લાગે તો પરીક્ષા અને વ્યકિતગત ઈન્ટરવ્યુ લઈ નિમણૂંક કરવા ભલામણ છે.

(૨) તેમનું પગાર ધોરણ અંદાજપત્રએ ભલામણ કરવાની રહેશે.

(૩) હાલમાં એકપાળીના ૧૭ સિકયુરીટી ગાર્ડસ પ્રમાણે ૩ પાળીના સિકયુરીટી ગાર્ડસની નિમણૂંક બજેટની રકમ મર્યાદામાં કરવા ભલામણ કરવામાં આવે છે.

(૪) હાલમાં યુનિવર્સિટી ખાતે કોન્ટ્રાકટ પધ્ધતિથી અંદાજિત ૨૫ માણસો કામગીરી બજાવે છે અને હાલમાં વાસ્તવિક રીતે એક પાળીમાં ૨૫ માણસની જરૂરિયાત જણાય છે. આથી અંદાજપત્રમાં વ્યવસ્થા થઈ શકતી હોય તો ૨૫×૩=૭૫ માણસની નિમણૂંક કરવા માટે યુનિવર્સિટી ધ્વારા ઘટતાં પગલાં લેવા ભલામણ કરીએ છીએ.

(૫)ભરતીના લાયકાતના ધોરણો એકસ સર્વિસમેન,ગૃહરક્ષકદળ(હોમગાર્ડસ),રીટાયર્ડ પોલિસમેન/ ધોરણ–૧૨ પાસ અને N.C.C સર્ટી.ધરાવનારને પ્રાથમિકતા આપવામાં આવશે.

(૬) ઉમેદવારની ઉંમર વધુમાં વધુ ૬૫ વર્ષ અને ઓછામાં ઓછી ૨૦ વર્ષ અને કાર્યક્ષમતા તેમજ શારીરિક તંદુરસ્તી (મેડિકલ ફિટનેશ)ની ચકાસણીને આધિન નિમણૂંક આપવામાં આવશે.

(૭) નિમણૂંકનો પ્રકાર હંગામી ધોરણે ફિકસ પગારથી ૧૧ માસના કરાર આધારિત તેમજ યુનિવર્સિટીના નિયમાનુસાર પૂર્ણતઃ પરિપાલનને આધિન સેવા લેવા ભલામણ છે.

(વહીવટી)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતને નાણાંસમિતિને રીફર કરવી.**

૧૭. યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિવિધ મકાનો / વિભાગો તથા પરિસરમાં સાફ સફાઈ કરવાની કામગીરી માટે નવેસરથી ટેન્ડર મંગાવવાની કાર્યવાહી ચાલુ હોઈ, નવો કોન્ટ્રાકટ થાય ત્યાં સુધી હાલનો કોન્ટ્રાકટ ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત. (ટેન્ડર મંગાવવા માટેની કમિટિનો રીપોર્ટ આ સાથે સામેલ છે.)

**(બાંધકામ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિવિધ મકાનો / વિભાગો તથા પરિસરમાં સાફ સફાઈ કરવાની કામગીરી માટે નવેસરથી ટેન્ડર મંગાવવાની કાર્યવાહી ચાલુ હોઈ, નવો કોન્ટ્રાકટ થાય ત્યાં સુધી હાલનો કોન્ટ્રાકટ ચાલુ રાખવો અને ટેન્ડરની કાર્યવાહી કરવી.**

**અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.

ક્રમાંક : એસ–૧ (૧)/૧૧૦૨૮/૨૦૧૮ **ઈન્ચાર્જ કુલસચિવ**

તા.૨૮ –૦૬ –૨૦૧૮

પ્રતિ,

**સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ........**